ગાંધીનગર સમાચાર

# સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ૨૧ નવા અદ્યતન ઓપરેશન થિયેટરના લોકાર્પણ

**રાજયની સૌપ્રથમ સ્કીન બેંક બનાવવા રોટરી ક્લબ અમદાવાદ અને સિવિલ હોસ્પિટલ વચ્ચે MOU થયા : આગામી ૬ માસમાં સ્કીન બેંક કાર્યરત થશે**





ગાંધીનગર, તા. ૨

અમદાવાદ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ૨૧ ઓપરેશન થીયેટરનું લોકાર્પણ કરાવતા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે કહ્યુ કે આજના નવનિર્મિત અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ૨૧ ઓપરેશન થીયેટર સમ્રગ દેશભરમાંથી આવતા દર્દીઓની જનસુખાકારીમાં વધારો કરશે.

નાયબ મુખ્યમંત્રી એ કહ્યુ કે જ્યારે જ્યારે પણ માનવતાનો સાદ પડ્યો છે ત્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલે ફક્ત ગુજરાત રાજ્ય જ નહીં પરંતુ સમગ્ર ભારતભરમાંથી આવતા દર્દીનારાયણની નિઃસ્વાર્થ ભાવે, રાત-દિવસ જોયા વિના સેવા-સુશ્રુષા કરી છે. ''મે આઈ હેલ્પ યુ'' ની સાથે ''મે આઈ કેર યુ''ની સમાજ ભાવના રાખીને સર્વે દર્દીઓની સેવા કરી છે.

રાજ્ય પર આવી પડેલી ભલભલી આપત્તિઓ, અને કુદરતી હોનારતોમાં સિવિલ હોસ્પિટલ અને અહીના કુશળ તબીબોએ રાજયભરમાં સેવા બજાવીને પોતાની કર્તવ્યનિષ્ઠાનું શ્રેષ્ઠ ઉદાહરણ વખતોવખત પુરૂ પાડ્યુ છે તેમ તેઓએ ઉમેર્યુ છે.

ગુજરાતની વર્તમાન સંવેદનશીલ સરકારે પણ અમદાવાદ સિવિલ હોસ્પિટલ સહિત રાજ્યના આરોગ્ય ક્ષેત્રને વધુ સઘન અને આધુનિક બનાવવામાં કોઈ કચાશ રાખી નથી જ્યારે જ્યારે આક્સિમક આપદા સમયની જરૂરિયાત હોય કે સામાન્ય જરૂરિયાત રાજ્ય સરકારે તમામ જરૂરિયાતોને રાજયની તમામ હોસ્પિટલને સંતોષી છે તેમ નાયબ મુખ્યમંત્રીએ કહ્યુ હતુ.

પટેલે જણાવ્યુ કે અમદાવાદ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં આજે રાજય તેમજ રાજય બહારથી આવતા દર્દીઓની સ્વાસ્થ્ય સુવિધાઓમાં વધારો થાય તે માટે ૨૧ ઓપરેશન થીયેટર, અત્યાધુનિક CSSD, સૂચિત સ્કીન બેંક કાર્યરત કરાવવામાં આવી છે. ૨૦૨૧ ના નવા વર્ષમાં આ વિવિધ પ્રકલ્પો જનસુખાકારીમાં વધારો કરીને અમદાવાદ સિવિલ હોસ્પિટલની સ્વાસ્થય સુવિધાઓની કાર્યદક્ષતા વધુ અસરકારક બનાવશે.

સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરથી લઈ સમગ્ર હોસ્પિટલમાં તબક્કા પ્રમાણે સ્વાસ્થય જરૂરિયાત, મશીનરી, અત્યાધુનિક ઉપકરણોની જરૂરિયાત સંતોષીને તમામ સુવિધાઓથી સુસજ્જ કરવામાં આવી રહી છે. અમદાવાદ સિવિલ સંકુલમાં કોરોના ડેડિકેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલની કામગીરી સમગ્ર દેશમાં કર્તવ્યનિષ્ઠાના અને સેવાભાવનાનું આગવું ઉદાહરણ પુરુ પાડ્યુ છે. તાજેતરમાં જ રાજકોટમાં રાજ્યની પ્રથમ એઈમ્સ ઈન્સ્ટીટયુટના ઉદ્ઘાટન પ્રસંગે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા પણ ગુજરાતની કોરોનાના કપરા કાળમાં કરવામાં આવેલી કામગીરીને બિરદાવવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા કરાયેલ કોરોના કામગીરી પ્રત્યે તેઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો તેમ નીતિનભાઈ પટેલે જણાવ્યુ હતુ.

વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ બાદ સિવિલ હોસ્પિટલના અસ્મિતાભવન ખાતે યોજાયેલ સમારંભમાં નાયબ મુખ્યમંત્રીએ સિવિલ હોસ્પિટલના માધ્યમથી રાજ્યના મેડિકલ , પેરામેડિકલ તેમજ તમામ ક્ષેત્રના કોરોના વોરીયર્સ પ્રત્યે સન્માનની લાગણી વ્યકત કરીને તેમની કાર્યક્ષમતા અને કર્તવ્યનિષ્ઠાને બિરદાવી હતી.

## જન્મદિને વધામણી




રેખાબેન આચાર્ય
લાયોનેસ ક્લબ



ફેનિલ સમીર રામી
મો. ૯૯૨૪૪ ૪૬૬૪૫



પંચમ કુંતલ નિમાવત
મો. ૯૮૨૪૯ ૧૦૧૪૫



ફલક અર્પિત જોષી



કૈરવી ચૌહાણ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ગુજરાત યુનિવર્સિટીએ બનાવ્યા વર્લ્ડ રેકોર્ડ

ગાંધીનગર,તા. ૨

ગુજરાત યુનિવર્સીટી ગ્રંથાલય ખાતે ૨૩ નવેમ્બર ગુજરાત યુનિવર્સીટી સ્થાપના દિવસથી તારીખ ૦૬/ ડિસેમ્બર ૨૦૨૦ સુધી સળંગ ૧૪ દિવસ સમાજ અને શિક્ષણ સાથે વિષયો સાથેનું ગ્રકોવીડ- ૧૯ ની માર્ગદશિકાઓ વચ્ચે સમાજ અને શિક્ષણ સાથે વિષયો સાથેના ગ્રંથપ્રદર્શનો આયોજિત કરવામાં આવેલ હતા કોવિડ -૦૯ ની માર્ગદર્શિકાઓના પાલન સાથે ગ્રંથપ્રદર્શન મુલાકાતી સ્ટાફ અને વિધાર્થીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.





કોવિડ -૧૯ ના સમયમાં આ પ્રકારે સંદર્ભે સળંગ ૧૪ દિવસના ગ્રંથપ્રદર્શનના અયોજન સંદર્ભે વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ યુકેમાં નોંધણી કરવામાં આવેલ હતી જેમાં ૧૫ દિવસ સુધી સતત વેરીફિકેશન જરૂરી ડોકયુમેન્ટસ સબમીશન એ સમ્રગ પ્રકિયા બાદ વર્ષ ૨૦૨૧ના પ્રથમ દિવસે તારીખ ૦૧/૦૧/૨૦૨૧ ના રોજ ગૂજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો.હિમાંશુ પંડ્યા, ઉપકુલપતિ ડો.જગદીશ ભાવસાર કુલસચિવ ડો.પી.એમ.પટેલ, રોલવાલા કોમ્પ્યટર સેન્ટરના અધ્યક્ષ ડો.બીજેન્દ્ર અગ્રવાલની અને કા. ગ્રંથપાલ ડો.યોગેશ પારેખને ગુજરાત ખાતેના વર્લ્ડ રેકોર્ડ ખાતેના પ્રતિનિધિ અને હેડ અશ્વિન ત્રિવેદીએ વર્લ્ડ રેકોર્ડ એનાયત કરવામાં આવેલ હતો. આ સાથે સાથે આજ રોજ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે ૩૦૦૦ વર્ષ જેટલી હસ્તપ્રતો અને તાડપત્રો અને સરદાર વલ્લભાઈ પટેલ નોલેજ ગેલરી વિભાગને ગામઠી લુક આપતા આ વિભાગનું ઉદઘાટન ગુજરાત યુનિવર્સીટીના ઉપકુલપતિ ડો.જગદીશ ભાવસાર સાહેબના વરદહસ્તે ઉદઘાટન કરવામાં આવેલ છે આ વિભાગમાં ગ્રંથાલયના જ સેવકભાઈઓ દ્વારા ગુજરાત યુનિવર્સિટીના જે વુક્ષો પૂર્વે સંપૂણ સૂકાયને પડી ગયેલા હોય અને તેનો નિકાલ કરવામાં આવયો હોય એવા વુક્ષોના લાકડામાંથી જરૂરી કર્તન - કલર કામ કરી વાંચન દરમિયાન કે આ વિભાગની મુલાકાત દરમિયાન મુલાકતીઓને બેસવું હોય ત્યાં બેસવાના સ્ટુલ બનાવવામાં આવેલ છે.

# 'રાષ્ટ્રવાદી વિચારો અને નવી શિક્ષણનીતિ ૨૦૨૦' વિષયે સેન્ટ્રલ યુનિવર્સિટીની રાષ્ટ્રીય સંગોષ્ઠિ યોજાઈ

ગાંધીનગર,તા. ૨

ગાંધીનગરની ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય ગાંધીનગર દ્વારા ''પંડિત મદનમોહન માલવીય અને અટલ બિહારી વાજપેઈજીના રાષ્ટ્રવાદી વિચારો અને નવી શિક્ષણ નીતિ-૨૦૨૨૦' વિષય પર રાષ્ટ્રીય સંગોષ્ઠિ યોજાઈ હતી.

તા. ૩૦/૧૨/૨૦૨૦ના રોજ ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયની સ્કૂલ ઓફ એજયુકેશન દ્વારા પંડિત મદનમોહન માલવીયા અને અટલ બિહારી વાજપેઈજીના રાષ્ટ્રવાદી વિચારો અને નવી શિક્ષણ નીતિ-૨૦૨૦' વિષય પર રાષ્ટ્રીય સંગોષ્ઠિનું આયોજન થયું જેમાં ભારતીય શિક્ષા ન્યાસના રાષ્ટ્રીય સચિવ અતુલ કોઠારીજી મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમના આયોજક અને સ્કૂલ ઓફ એજ્યુકેશનના ડીન પ્રોફ. એચ.બી. પટેલએ ભૂમિકા રજૂ કરતાં કહ્યું હતુંકે એમની સ્કૂલને પંડિત મદનમોહન મલવીયા રાષ્ટ્રીય શિક્ષણ મિશન અંતર્ગત શિક્ષા-નીતિ અને સંશોધન કેન્દ્ર આપવામાં આવ્યું છે, એના અંતર્ગત આ સંગોષ્ઠિ યોજાઈ રહી છે.

યુનિવર્સિટીના





કુલસચિવઆલોક ગુપ્તએ વહીવટમાં હિન્દી ભાષાનો પ્રયોગ થાય એ માટે મહામના માલાવીયએ કરેલા પ્રયત્નોની વાત કરી હતી. અતિથિ વિશેષ અને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ શૈલેષ ઝાલાએ પ્રાચીન ભારતીય શિક્ષણ વ્યવસ્થા અને વલભી,તક્ષશિલા અને નાલંદા વિદ્યાપીઠોની વાત કરી હતી. કાર્યક્રમના મુખ્ય વક્તા અતુલ કોઠારીજીએ શિક્ષણને ભારતીય સંદર્ભ અને સંસ્કૃતિ સાથે જોડવા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે ''વિદ્યાર્થીઓમાં શું કમી છે એ તો બધાને ખબર હોય છે

પણ એમાં શું ખૂબી છે એ જાણીને એને બહાર લાવવાનું કામ શિક્ષકનું છે.' તેમણે આગળ કહ્યું હતુંકે '''મહામના અને અટલજી બંને માટે રાજનીતિ પણ રાષ્ટ્રનિર્માણનું માધ્યમ હતી. કોઈપણ શિક્ષણ જેતે દેશની પ્રકૃતિ અને સંસ્કૃતિ અનુસાર હોવું જોઈએ. નવી શિક્ષણનીતિ ભારતલક્ષી છે. એનો ઉદેશ એવા નાગરિકો તૈયાર કરવાનો છે જે વિચારથી, બૌદ્ધિકતાથી અને કાર્યનિર્માણથી ભારતીય હોય. 'કાર્યક્રમના અધ્યક્ષ અને સીયુજીના કુલપતિ પ્રો. રમાશંકર દુબેએ પંડિત મદનમોહન મલાવીયાજીના વ્યક્તિત્વના અનેક અજાણ્યા પાસાઓની વાત કરી હતી. બનારસ હિન્દુ યુનિવર્સિટી સ્થાપવા પાછળનો એમનો ઉદેશ અને પરિશ્રમ ભગીરથ હતા. તમને પંડિતજીના વ્યક્તિવને ઉજાગર કરતી અને યુવાનોને પ્રેરણા આપતી સ્વરચિત દીર્ઘકવિતાનો પાઠ કર્યો હતો. આ સંગોષ્ટિમા ગુજરાત અને રાજસ્થાનની જુદી જુદી યુનિવર્સિટીઓના સિત્તેરથી વધુ અધ્યાપકોએ ભાગ લીધો હતો.

# કેવડિયા ખાતે ફેડેરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસીએશન્સ દ્વારા ચિંતન બેઠકનું આયોજન

ઋગાંધીનગર, તા. ૨

ફેડેરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોસીએશન્સ (FIA) દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડીયા પર એક ચિંતન બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતના અર્થતંત્રને ૧૦ ટ્રિલિયન ડોલર પહોંચાડવાનો લક્ષ્ય રાખ્યો છે તેમાં ગુજરાત તરફથી ૧.૫ ટ્રિલિયન ડોલરનો ફાળો કઈ રીતે આપી શકાય અને તેમાં ગુજરાતની ઈન્ડસ્ટ્રીઝ શું ભાગ ભજવી શકે તે માટે આ બેઠકનું આયોજન થયું છે.

આ બેઠકમાં તમામ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન્સનના પ્રમુખો, રિજનલ ચેમ્બરના પ્રમુખો, રિજનલ ફેડરેશનના પ્રમુખો, અગ્રણી ઉદ્યોગકારો સાથે ૧૦૦ જેટલા ઉદ્યોગ પ્રતિનિધિઓની બેઠક તારીખ ૦૩.૦૧.૨૦૨૧ ના સવારે ૦૯.૧૫ કલાકે મળશે જેમાં ગુજરાતનાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાહેબ, માનનીય કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા અને જીઆઈડીસીના ચેરમેન બળવંતસિંહ રાજપૂત ઓનલાઈન સંબોધન કરશે.

ગુજરાત એક ઈન્ડસ્ટ્રીઝનું હબ છે જેમાં MSME સૌથી મોટા પ્રમાણમા છે. ગુજરાતની જી.ડી.પી. માં ઈન્ડસ્ટ્રીઝનો સૌથી મોટો ફાળો છે. આ ગ્રોથને આગળ કઈ રીતે લઈ જઈ શકાય અને સરકાર સાથે રહી ઉદ્યોગોને કઈ રીતે આગળ વધારી શકાય તે માટે આ 'ચિંતન બેઠક' યોજવામાં આવી છે.

# ગાંધીનગરના કલાકારો દ્વારા કરાયું સંવેદનશીલ શૉર્ટ ફિલ્મનું નિર્માણ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના અભિનય કર્તાઓએ સાથે મળીને એક સુંદર સંવેદનશીલ શૉર્ટ ફિલ્મનું નિર્માણ કર્યું છે. નગરની મનોરંજન સંસ્થા બ્લૂ બબલ્સના બૅનર તળે નિર્માણ પામેલી આ ફિલ્મ યુટ્યુબ પર ધૂમ મચાવી રહી છે. સાહિત્ય સાથે ફિલ્મને સાંકળીને ગાંધીનગરના જાણીતા નાટ્યકાર-પત્રકાર કુંતલ નિમાવત દ્વારા 'કથાસરિતા' નામે નવી શૉર્ટ ફિલ્મ શ્રેણીનો આરંભ કરવામાં આવ્યો છે. આ શ્રેણી યુટ્યુબના માધ્યમથી પ્રસારિત કરવામાં આવી રહી છે.



કથાસરિતા શ્રેણીની પ્રથમ શૉર્ટ ફિલ્મ 'વાડ' વર્ષ ૨૦૨૧ના પ્રથમ દિવસે યુટ્યુબ પર મૂકી દેવામાં આવી છે, જેને દર્શકોનો બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે, રિલીઝ થયાના ૧૯ કલાકમાં જ ફિલ્મની વ્યૂઅરશીપ ૧૦૦૦ને પાર કરી ગઈ છે. હરીષ થાનકી લિખિત અને કુંતલ નિમાવત દિગ્દર્શિત આ શૉર્ટ ફિલ્મમાં દીપાંશ છાબડા, ડૉ. મમતા બુચ, જયનલ રાવલ, કરિશ્મા પાટડીયા અને કુંતલ નિમાવત દ્વારા અભિયનનાં અજવાળાં પાથરવામાં આવ્યાં છે.

ફિલ્મ માટે સંગીત હાર્દિકા શુક્લએ આપ્યું છે અને કૅમેરા ઍડિટિંગની સેવા પર્વ નિમાવત દ્વારા પૂરી પાડવામાં આવી છે.

યુટ્યુબની ચૅનલ કેકે આર્ટ્સ પર આ શૉર્ટ ફિલ્મ અને સમગ્ર શ્રેણી પ્રસારિત થઈ રહી છે.




માસ્ક પહેરો... સ્વસ્થ રહો...


# વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં નવા વર્ષે વર્ચ્યુઅલ વિઝીટ તથા અલિટરેશન એક્ટિવિટી તથા મૂવી શો યોજાયો













ગાંધીનગર,તા. ૨

બાળકોને આ પરિસ્થિતિમાં પણ ભણતરની સાથે સાથે આ બધી એક્ટિવિટીઝ માં પણ વ્યસ્ત રાખવા તથા અવનવું શીખે તે હેતુથી વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં નવા વર્ષના પ્રથમ દિને સૌપ્રથમ પ્રાર્થના ત્યારબાદ અલિટરેશન એક્ટિવિટી કરાવવામાં આવી હતી. જેમાં બાળકોએ અટપટા વાક્યો પણ સહેલાઈથી બોલવા માટે પ્રેક્ટિસ કરી હતી. ત્યારબાદ પ્રાણી સંગ્રહાલયની વર્ચ્યુઅલ વિઝીટ કરાવી જેમાં બાળકો પ્રાણીસંગ્રહાલય જોઈ ખુબ જ ઉત્સાહમાં આવી ગયા હતા અને ત્યારબાદ બાળકોના સર્વાંગી વિકાસના હેતુથી બાળકોને આધારિત મુવી બતાવવામાં આવી હતી. બાળકોની નિરીક્ષણ શક્તિ ખીલે તે હેતુથી બાળકોએ વર્ચ્યુઅલ વિઝીટ તથા મુવી શો માં શું જોયું તથા શું નવું શીખવા મળ્યું તેનો સારાંશ લખી અને સંભળાવ્યો હતો. આમ, બાળકો તથા વાલીઓનો ખુબ ખુબ સહકાર સાંપડ્યો હતો અને બાળકોના ઉત્સાહથી આ કાર્યક્રમ ખૂબ જ સફળ નીવડ્યો હતો.

# સાબરકાંઠા જિલ્લા વિશ્વ ફાઉન્ડેશન સંગઠનના ચેરમેન ઉર્વેશ પટેલ માનવતાવાદી શ્રેષ્ઠતા એવોર્ડથી સન્માનિત કરાયા

ચિલોડા,તા. ૩૦

માનવતાવાદી શ્રેષ્ઠતા એવોર્ડ ૨૦૨૦ માટે ખૂબ જ સ્પર્ધાત્મક પ્રક્રિયા બાદ ૫૧ શ્રેષ્ઠ માનવતાવાદી પ્રોફાઈલનું સન્માન કરાયું. જેમાં પ્રતિષ્ઠિત એવોર્ડ ભકત માનવતાને પ્રોત્સાહન આપવા અથવા માનવતાની સેવા કરવામાં, ઉત્કૃષ્ટ કામગીરી કોરોના વોરિયર્સ ભૂમિકા અદા કરવામાં, કરવામાં આવેલા કામના આધારે આપવામાં આવે છે. દર વર્ષે 'વિશ્વ માનવતાવાદી દિવસ' નિમિત્તે આનું આયોજન કરવામાં આવે છે.

જેમાં સાબરકાંઠા, ગાંદીનગર જિલ્લામાં એક વર્ષમાં ચેરમેન ઉર્વેશ પટેલ માનવતાવાદી કાર્યો કર્યા છે અને કોવિડ-૧૯ના સમયગાળા દરમિયાના તેમની કામગીરી વિશિષ્ટ અને પ્રશંસાપાત્ર રહી છે. આવી માનવતાવાદી સત્કાર્યોને પરિણામ સ્વરુપે પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કર્યા છે. તેમને ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના ગૌરવ વધારવા બદલ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.







ખેરાલુ તાલુકાના આંબાપુર ગામના ભાવેશ ઠાકોરે રાજ્ય કક્ષાની ૧૬૦૦ મીટરની દોડ ટુર્નામેન્ટમાં તૃતીય સ્થાન મેળવ્યું. અને તાજેતરમાં ઓનલાઈન ટીવી ન્યુઝ અને વેદ સ્ટુડિયો દ્વારા રાજ્ય કક્ષાની જેન્ટસ દોડ ટુર્નામેન્ટનું કુડા-રહેમાનપુરા ચોકડી પાસે ક્રિકેટ મેદાનમાં આયોજન કરવામાં આવ્યું જેમાં ખેરાલુ તાલુકાના આંબાપુર ગામના ભાવેશ બાબુજી ઠાકોર નામના યુવાને તૃતીય સ્થાન મેળવી ઠાકોર સમાજ અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. તે બદલ સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ ના મે. ટ્રસ્ટી કિરણસિંહ ઠાકોર અને રમત ગમત તથા અનેક સામાજીક સંસ્થાઓએ તેમને અભિનંદન પાઠવ્યા.

